**આંક–૧ લગત હુકમઃ**

ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૫૦૪, ૫૦૬(૨) મુજબ દાખલ કરવામાં આવેલ છે.

સદર ઈન્કવાયરીના કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા પોલીસ તપાસનો રીપોર્ટ આંક–૦૪ થી રજુ રાખેલ છે. જે રીપોર્ટ ધ્યાને લેતાં ત.ક.અધિકારીના જણાવ્યા મુજબ પક્ષકારો વચ્ચે લેવડ–દેવડનો વ્યવહાર થયેલ હોવાનું જણાઈ આવે છે.

સદર કામે રજુ ફરિયાદીનું નિવેદન ધ્યાને લેતાં તેઓએ તેમની ફરિયાદ હકીકત મુજબ પોલીસને નિવેદન લખાવેલ છે.

સદર કામે આરોપીનું ત.ક.અધિકારીએ લીધેલ નિવેદન ધ્યાને લેતાં આરોપીએ નિવેદનમાં જણાવેલ છે કે, "......પૈસાની સગવડ ન થતાં હું આ મુકેશભાઈને રૂપિયા પરત આપી શકે નહિ, જેથી મેં આ મુકેશભાઈને મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકનો ચેક આપેલ હોઈ, જે મારા ખાતામાં ભરતાં ચેક રીટર્ન થયેલ હતો અને આ બાબતે અમારે પેસાની લેવડ–દેવડનો પ્રશ્ન છે. મે આ મુકેશભાઈને કોઈપણ ધમકી આપેલ નથી કે, કોઈ હેરાનગતિ કરેલ નથી...."

ઉપરોક્ત ફરિયાદની હકીકતો, તપાસ કરનાર અધિકારીશ્રીનો રીપોર્ટ, દસ્તાવેજી પુરાવા તથા રજુ થયેલ સાહેદોના નિવેદનો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં પક્ષકારો વચ્ચે પૈસાની લેવડ–દેવડ થયેલાનું અને આરોપીએ ફરિયાદીને ચેક આપેલાનું અને તે ચેક બાઉન્સ થયેલાનું હાલના તબક્કે પ્રથમ દર્શનીય જણાઈ આવે છે. તે ધ્યાને લેતાં પ્રાઈમા ફેસી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦ ના તત્વો આકર્ષાય છે. જો કે, ગાળો બોલવા બાબતે કે ધમકી આપવા બાબતે કોઈ પ્રથમ દર્શનીય જણાઈ આવતું નથી. આમ, સમગ્ર રીતે જોતાં

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦ મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરતો પુરાવો જણાઈ આવે છે. તેવા સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

- ➔ સદરહું ફરિયાદ અંશતઃ મંજૂર કરી, આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦ અન્વયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.
- ➔ સદર ઈન્કવાયરીને ક્રિમીનલ કેસ દાખલ રજીસ્ટરે દાખલ લઈ, ક્રિમીનલ કેસ નંબર પાડવો.
- ➔ આરોપીને **મુદ્દત તા.૦૮/૦૮/૨૦૨૬** ના રોજના સમન્સ ઈસ્યુ કરવા.

હુકમ આજરોજ તારીખ **૦૯** માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૯/૦૬/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાચી )**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |